ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૨ ટકા ● સાંજે ૧૫ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૭ની સરકારી શાળાને કોર્પોરેટ લુક

૩. ૮ કરોડના ખર્ચે તૈયાર કરાયેલી અદ્યતન શાળાનો આજે સવારે ૯ કલાકે લોકાર્પણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૭ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી શાળાને કોર્પોરેટ સ્કુલ જેવો લુક આપવામાં આવ્યો છે. સરકાર દ્વારા રૂ. ૮ કરોડના ખર્ચેતૈયાર થયેલી અધ્યતન શાળાનો આજે લોકાર્પણ સમારોહ છે. ગ્રાઉન્ડ ફલોર સહિત ૩ માળની આધુનિક ઈમારતમાં વિદ્યાર્થીઓ માટે આરઓ, લાયબ્રેરી, પ્રાર્થના ખંડ, કોમ્પ્યુટર લેબ સહિત વિદ્યાર્થીનીઓ ઘરેથી લાવેલ પોતાનો નાસ્તો રૂમમાં બેસીને શાંતિથી કરી શકે તે માટે ખાસ સુવિધા ઉભી કરાઈ છે.આજે આ નવનિર્મિત શાળાનો ઉદ્‌ઘાટન સમારોહ રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે સવારે ૯ કલાકે યોજાશે. આ ઉદ્‌ઘાટન પ્રસંગે શહેરના આગેવાનો, શિક્ષણ વિભાગના અધિકારી-કર્મચારીઓ સહિત મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર શહેરના નિર્માણ સમયે જ સેકટરમાં રહેતા નાગરીકોના બાળકો માટે પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સરકાર દ્વારા બનાવવામાં આવી હતી. પરંતુ પાંચ દાયકા બાદ શહેરની મોટાભાગની સરકારી શાળાઓ મૃતપ્રાય હાલતમાં છે. ત્યારે સરકાર દ્વારા શહેરની કેટલીક સરકારી શાળાઓ શિક્ષણ સુધારણા કાર્યક્રમ અંતર્ગત અન્ય પ્રાઈવેટ શાળાના સંચાલકોને આપવામાં આવી છે. જે અંતર્ગત સે-૭ની સરદાર વલ્લભભાઈ પટેલ શાળા પણ શિક્ષણ સુધારણા હેઠળ સે-૨૩ સ્થિત કડી કેમ્પસના સંચાલકોને સોંપવામાં આવી છે. ત્યારે સરકાર દ્વારા નવતર અભિગમ અપનાવી સે-૭ સરકારી શાળાને મોડલ રુપ બનાવવાની કામગીરી હાથ ધરાઈ હતી.

બે વર્ષની ભારે મહેનત બાદ રૂ. ૮ કરોડના ખર્ચે સુવિધાસભર આધુનિક શાળા નિર્માણ પામી છે. ત્યારે આ શાળામાં અત્યારે હાલના સમયે ધો-૯ થી ૧૨ માં ૪૨૩ વિદ્યાર્થી ભાઈ-બહેનો અભ્યાસ કરે છે. નવી હાઈટેક સ્કુલમાં બાળકો માટે વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જેમાં ગ્રાઉન્ડ ફલોર થી ત્રણ માળ સુધીમાં ૪૨ રૂમ રાચરચીલા ફર્નીચર સાથે તૈયાર કરાયા છે. દરેક રૂમમાં બાળકો માટે ૯ પંખા તેમજ ૧૨ થી વધુ ટયુબલાઈટ ફીટ કરવામાં આવી છે. દરેક ફલોર બાળકોને શુધ્ધ અને ઠંડુ પાણી મળી રહે તે માટે આરઓ પ્લાન્ટ અને વોટર કુલર ફીટ કરાયા છે. શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે રિષેશમાં શાંતિથી નાસ્તો કરી શકે તે માટે અલાયદો રૂમ એટેચ સંડાસ બાથરુમ સહિત તૈયાર કરાયો છે.જયારે વિકલાંગ વિદ્યાર્થીઓ માટે પણ ગ્રાઉન્ડ ફલોર પર સુવિધા ઉભી કરાઈ છે.જયારે વિદ્યાર્થીઓ માટે ૩ કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન પ્રયોગ શાળા, સ્પોર્ટસ રૂમ, આર્ટરૂમ, સંગીત રુમની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ૪૨ રૂમની આ શાળામાં ૧૬ રૂમ અભ્યાસ માટે તૈયાર કરાયા છે. જયારે સ્ટાફ રૂમ, વહીવટી રૂમ, સહિત પ્રાર્થના ખંડ પણ સુવિધાથી સુસજ્જ કરાયો છે.

જયારે શહેરની પહેલી સરકારી શાળા હશે જેમાં ફાયર સુવિધા ઉભી કરાઈ છે. જયારે બાળકો પોતાની સાઈકલ પાર્ક કરી શકે તે માટે પાર્કીંગ સ્ટેન્ડ પણ તૈયાર કરાયું છે. જયારે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શાળામાં ગંદકી ના થાય તે માટે ખાસ દરેક સ્થળો પર ડસ્ટબીન રાખવામાં આવ્યા છે. ત્યારે સેકટર-૭ની સરદાર વલ્લભભાઈ પટેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક નવનિર્મિત શાળાનું ઉદ્‌ઘાટન સમારોહ શનિવારના રોજ સવારે ૯ કલાકે રાજયના શિક્ષણમંત્રીના હસ્તે યોજાશે. જેમાં મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહેશે.

@ગાંધીનગર

● રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.

● સ્મિત મ્યુઝીકલ દ્વારા આંબેડકર હોલ સે-૧૨ ખાતે જૂના નવા ગીતોનો કાર્યક્રમ રાત્રિના ૯ કલાકે યોજાશે.

સે-૧૫ સરકારી વિનયન કોલેજના વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા.૭

ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી બી.એ. સેમ-૦૬ અને એમ.એ. સેમ-૦૪ રેગ્યુલર અને રીપીટર સરકારી વિનયન કોલેજ સે-૧૫ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ પરિક્ષાની હોલ ટીકીટ તા. ૮-૪-૧૭ને શનિવારના રોજ કોલેજ સમય દરમિયાન બપોરે ૧ થી ૨ કલાક સુધીમાં કાર્યાલયમાંથી લઈ જવા માટે કોલેજના આચાર્યએ જણાવ્યું છે.

રૂદ્રાભિષેક મંડળના સભ્યોનો ધાર્મિક પ્રવાસ

ગાંધીનગર, તા.૭

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે સભ્યો ભારતના વિવિધ ધાર્મિક સ્થળો ખાતે જેમ કે ગંગાસાગર, રામેશ્વર, ગયાજી, જગન્નાથપુરી, તિરૂપતિ બાલાજી, ઉજજૈન મહાકાલ, સોમનાથ, ત્રંબકેશ્વર, માતાનો મઢ વગેરે તિર્થોમાં પૂજન, અર્ચના અને યજન કરી પ્રવાસ સહ આનંદ મેળવે છે. તે મુજબ તા. ૮-૪-૧૭થી ૧૧-૪-૧૭ સુધી મહાકાલ ઉજજૈન, ઓમકારેશ્વર ખાતે લઘુરૂદ્ર અને હરિસિદ્ધ માતા ઉજજૈન ખાતે ચંદીપાઠ કરી સભ્યો પરિવાર ગાંધીનગરથી શાંતિ એકસપ્રેસમાં ધાર્મિક પ્રવાસ કરશે. સહુ સભ્યોને પ્રવાસની શુભેચ્છા મંડળ દ્વારા પાઠવવામાં આવે છે.

ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૭

શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, સે-૨૨ દ્વારા આગામી ચૈત્ર સુદ-૧૩ને તા. ૯ એપ્રિલને રવિવારના રોજ શાસનપતિ ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સવારે ૮.૩૦ કલાકે ઉપાશ્રયની પ્રભાતફેરી પ્રસ્થાન થશે. જેમાં સંઘના ભાઈ-બહેનો તેમજ બાળકો વિવિધ વેશભૂષા સાથે જોડાશે. પ્રભાતફેરી, સે-૨૨ અને સે-૩૦ના આંતરિકમાર્ગ પર પરિભ્રમણ કરશે. ત્યારબાદ ઉપાશ્રયમાં પૂ. મહાસતીજીનું 'ભગવાન મહાવીરનો સંદેશ' એ વિષય પર મનનીય વ્યાખ્યાન આપશે. વ્યાખ્યાન બાદ ભરતભાઈ દેવાણીના સૌજન્યથી ૨૫ આકર્ષક ઈનામનો લકી ડ્રો યોજવામાં આવશે. ત્યારબાદ શ્રી સંઘ સ્વામી વાત્સલ્યનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

એમ.પી. ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પાણીના કુંડા અને પક્ષીઘરનું વિતરણ

ગાંધીનગર, તા.૭

સમદર્શન આશ્રમ સેકટર-૧, ગાંધીનગર ખાતે ૨૫૦ સાધકોને પાણીના કુંડા અને પક્ષીઘરનું વિતરણ ભગવદ ગીતાના સત્સંગ પછી કરવામાં આવ્યું હતું. દરેક સાધકને જેટલા જોઈએ તેટલા જરુરીયાત મુજબ પાણીના કુંડા આપવામાં આવ્યા હતા. આશ્રમમાં પણ જરુરીયાત મુજબ કુંડાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાધક ભાઈ-બહેનો આ પાણીના કુંડાની પ્રેમપૂર્વક માવજત કરે છે. દરરોજ સવારે કુંડા સાફ કરીને પછી ઠંડુ પાણી ભરીને યોગ્ય જગ્યાએ રાખે છે.

એમ.પી.ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ ગાંધીનગર તરફથી આ પ્રવૃત્તિ છેલ્લા ૫ વર્ષતી નિયમિત રીતે ચાલે છે. ઉનાળાની અસહ્ય ગરમીમાં માણસો જ ત્રાહીમામ પોકારે છે તો અબોલ પશુઓ શું સ્થિતિમાં હશે? સાધકો આ પક્ષીઓને પાણી પીવડાવીને સેવાનું ઉમદા ઉદાહરણ પુરું પાડે છે.

કન્ટેનરમાંથી ૨૮ લાખના નિકલના ડ્રમની ચોરી

ગાંધીનગર, તા.૭

નોર્વેથી નિકલના ૧૮ નંગ ડ્રમ ભરીને આવેલું કન્ટેનર ગાંધીનગર નજીક ખોરજ કન્ટેનર ડેપોના કમ્પાઉન્ડમાં ત્રણ દિવસ પડયું હતું. આ સમયગાળામાં કન્ટેનરનું અસલ સીલ તોડીને અંદરથી રૂ. ૨૮ લાખની કિંમતનો નિકલ ધાતુનો જથ્થો ચોરી કરી લઈ ચોરોએ નકલી સીલ મારી દીધું હોવાનું કન્ટેનર માલિકને ધ્યાને આવતા અડાલજ પોલિસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવા પામી છે. અડાલજ પી.આઈ.એ ગુનો નોંધીને આ ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

અમદાવાદના મણીનગર વિસ્તારમાં રહેતા ગૌરવભાઈ જુમરમલ બોથરાએ અડાલજ પોલિસ સ્ટેશનમાં ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે. ખોરજ ખોડીયાર કન્ટેનર ડેપોમાં કોનકોરના કમ્પાઉન્ડમાં ગૌરવભાઈનું કન્ટેનર નોર્વેથી આવ્યું હતું. ૨૫ માર્ચથી ૨૯ માર્ચ દરમિયાન ખોરજ ખોડીયાર કન્ટેનર ડેપોના આ કમ્પાઉન્ડમાં પડેલા આ કન્ટેનરમાંથી ચોરી થઈ જવા પામી છે. કન્ટેનરમાં લગાવેલું અસલ સીલ તોડીને તેમાંથી પ્રાઈમરી નિકલના ૧૮ ડ્રમની ઉઠાંતરી કરી અસલ સીલ ઉપર નકલી ચીપ મારી દેવામાં આવ્યું હોવાનું ધ્યાને આવ્યું છે. રૂ. ૧૮,૦૪,૧૦૦ની કિંમતના નિકલના ડ્રમની ચોરી અંગે ગૌરવભાઈની ફરિયાદ લઈ અડાલજ પી.આઈ. કે.કે. પંડયાએ ગુનો નોંધી ડેપોના કેમેરા તપાસવા તજવીજ શરુ કરી છે.

"એક ભારત શ્રેષ્ઠ ભારત" અંતર્ગત ન્યુ ઈન્ડિયા અભિયાન નિમિતે યોજાયેલ "યુવા સંમેલન"

ગાંધીનગર, તા.૭

નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન, યુવા કાર્ય અને ખેલ મંત્રાલય, ભારત સરકાર—નવી દિલ્હીના ડાયરેક્ટર જનરલ શ્રી દિલાવર સિંહ (મેજર જનરલ) તારીખ ૦૫.૦૪.૨૦૧૭ થી તારીખ ૦૬.૦૪.૨૦૧૭ દરમ્યાન ગુજરાતમાં પ્રવાસ કરી વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને યુવાનોને અને નેહરૂ યુવા કેન્દ્રના સંગઠનના અધિકારીશ્રીઓને યુવાનોના કલ્યાણ કરી કાર્યક્રમો અને વિકાસ સબંધી માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

તારીખ ૦૬.૦૪.૨૦૧૭, ગુરુવાર સાંજના ૫.૦૦ કલાકે વિધાસભા સંકુલમાં "એક ભારત શ્રેષ્ઠ ભારત" અંતર્ગત ન્યુ ઈન્ડિયા અભિયાન નિમિતે યોજાયેલ "યુવા સંમેલન"માં નેહરૂ યુવા કેન્દ્ર સંગઠનના ડાયરેક્ટર જનરલ શ્રી દિલાવર સિંહે ઉપસ્થિત રહી યુવકોને એક ભારત શ્રેષ્ઠ ભારત વિશે અને ન્યુ ઈન્ડિયા કેમ્પેઈન અંગે વિસ્તૃત સમજ આપી હતી અને સમગ્ર રાષ્ટ્રમાં ૬૫૦ જીલ્લાઓમાં આ કાર્યક્રમ જનજાગૃતિ અર્થે યુવકોમાં ઉત્સાહ, આત્મવિશ્વાસ અને ભારત નિર્માણ (રાષ્ટ્ર નિર્માણ)માં સહભાગિતા વધે અને આ અંગે માનનીય

પ્રધાનમંત્રીશ્રીની દૂરદર્શીતા અંગે માહિતગાર કર્યા હતા. એક ભારત શ્રેષ્ઠ ભારતના અભિયાનમાં યુવકોને તથા નેહરૂ યુવા કેન્દ્રો સાથે સંકળાયેલ યુવા મંડળો તથા સ્વેચ્છિક સંસ્થાઓ તેમજ મહિલા મંડળોને સહભાગી બનાવી ન્યુ ઈન્ડિયા અભિયાન દ્વારા યુવકોમાં રાષ્ટ્ર ભાવના વધારવી, ગરીબી અને ભ્રષ્ટાચાર દુર કરવા, સ્કીલ ઈન્ડિયા દ્વારા રોજગારી સ્થાપવી, સમય બદ્ધ ઝડપી વિકાસ કરવો, સ્વચ્છ ભારત, ડિજીટલ અવેરનેશ, વૈજ્ઞાનીક અભિગમ કેળવણી, સમાજમાં રાષ્ટ્રીય એકતા અને સદભાવના મજબુત અને સુદૃઢ કરવી, સમાજમાં ભેદભાવ દુર કરવા વગેરે વિશે માર્ગદર્શન આપ્યું હતું. મહાનિર્દેશક શ્રી દીલાવરસિંહે વિધાનસભા કમ્પાઉન્ડમાં પૂજય બાપુની પ્રતિમાને પુષ્પમાળા પણ અર્પણ કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ તથા યુવામિત્રોએ પણ પૂજય બાપુને પુષ્પાંજલિ કરી તેમના દાંડીયાત્રાના નેતૃત્વને યાદ કર્યું હતું. મહાનિર્દેશક શ્રી દીલાવરસિંહે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ તથા સ્વામી વિવેકાનનંદજીના જીવન પ્રસંગોમાંથી યુવાનોને પ્રેરણા લેવા માટે આગ્રહ કર્યો હતો.

આ પ્રસંગે સમાજસુરક્ષા નિયામકશ્રી પંકજભાઈ ઠાકર, યુવા નેતા સંજીવ મહેતા, પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ધ્વની શર્મા, નેહરૂ યુવા કેન્દ્રના સંયોજક શ્રી રજનીકાંત સુથાર, નિયામક અનીતા ભારતીય, જી.પં. સદસ્ય જયેશભાઈ ચૌધરી એન.એન.એસ. નિયામક શ્રી કમલકર, રણછોડભાઈ રથવી, નેહરૂ યુવા કેન્દ્રોના અધિકારીશ્રીઓ તથા એકાઉન્ટન્ટ, વોલન્ટીયર્સ, યુવા મંડળના મિત્રો વગેરે મળી ૧૫૦ જેટલી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય એકતા, સ્વચ્છતા અભિયાન અને સતર્કતા અંગેના શપથ લેવડાવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આયોજન નેહરૂ યુવા કેન્દ્રના સંયોજક શ્રી રજનીકાંત સુથાર, ભાનુપ્રસાદ શાહ, જયેશભાઈ ચૌધરી, વિશાલ થોરાત, કશ્યપ નિમાવત, જીગરકુમાર ચૌધરી વગેરેએ કર્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે કલાશિબિર-૨૦૧૭ યોજાશે

શહેરના સે-૨૦ ખાતે સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ધોરણ ૬ થી ૮ના બાળકો માટે આગામી તા. ૧ થી ૧૦ મે દરમિયાન કલાશિબિર-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે.

બાળકોમાં કલા પ્રત્યે અભિરૂચી કેળવાય તેવા ઉમદા હેતુથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા બાળકો માટે કલા શિબિરનું આયોજન કરાયું છે. જેમાં સંગીત, ચિત્રકલા અને આર્ટ એન્ડ ક્રાફટની પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે ઉપરાંત નભો દર્શન, સંસ્કૃતિ પરિચય, સર્જનાત્મક વિચારણા, વાંચન અર્થગ્રહણ જેવા વ્યકિતત્વ વિકાસના વિષયો પણ શીખવવામાં આવશે. આ શિબિરમાં જોડાવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તા. ૨૫ એપ્રિલ સુધી ફોર્મ મેળવી ભરી દેવાના રહેશે. આ શિબિર અંગે વધુ પુછતાછ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સુભાષચંદ્ર બોઝ શૈક્ષણિક સંકુલ સે-૨૦ ખાતે સંપર્ક કરવો.

આઈ લવ માય ગાંધીનગર

ચિંતન વી પટેલ
ઉમિયા ઓફસેટ
ગાંધીનગર ગમે

આયોજનબદ્ધ, હરિયાળું અને રમણીય હોવાથી ગાંધીનગર ખૂબ ગમે છે.

નગરજનો

સંસ્કારપ્રેમી, સંસ્કૃતિપ્રેમી, સેવાપ્રેમી અને ઉત્સવપ્રેમી નગરજનો અહીં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

અનેકવિધ સાંસ્કૃતિક અને સેવા પ્રવૃત્તિઓ શહેરમાં થાય છે, જે ગમે છે. એમાંય જીઆઈડીસી ઈન્જિનીયરિંગ એસ્ટેટ એસોસિએશન, સેક્ટર-૨૮ની સેવા પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

નગરને બહેતર બનાવવા

સ્વચ્છતા અને જાહેર શિસ્ત બાબતે ઘણું કરવાની આવશ્યકતા જણાઈ રહી છે.

નગર માટે હું કરી શકું

સ્વચ્છતા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સેવાકાર્યો માટે પણ મારું પૂર્ણ યોગદાન આપવા તત્પર છું ને રહીશ.

વીજ કંપનીઓ અને ટેલીફોન સેવાઓ આપતી કંપનીઓના ડીપી અને ખુલ્લા થાંભલા શહેરમાં અકસ્માત સર્જી શકે છે તે જાણવા છતાં સમયસર રીપરીંગ કામ થતું નથી. વળી અમુક ખાસ પ્રકારની માનસિકતા ધરાવતા વ્યકિતઓ પણ તેને જાણી જોઈને નુકશાન કરતા હોય છે.

પાટનગરમાં આઈપીએલ સટ્ટાબજાર ગરમ

પાંચ મુખ્ય બુકીઓ અને ૪૦થી વધુ પંટરો એકટીવ : રોજ સવારે ફીકસ જગ્યાઓ પર કરોડોના હિસાબ કલીયર થાય છે : પોલીસને હજુ એકેય સટ્ટોડીયો મળ્યો નથી...!

ગાંધીનગર, તા.૭

નોટબંધી બાદ પ્રથમ ક્રિકેટ મેચ સીરીઝ એવી આવી છે જેમાં નોટબંધીની આડ અસરનો એહસાસ થઈ રહ્યો નથી. પાટનગર ગાંધીનગરમાં કરોડો રૂપિયાનો સટ્ટો આઈપીએલ પર રમાઈ રહ્યો છે. શહેરના મુખ્ય પાંચ બુકી અને ૪૦થી વધુ પંટરોએ સટ્ટાબજાર ગરમ રાખ્યું છે. રોજે રોજ નિયત જગ્યાઓ પર કરોડો રૂપિયાના હિસાબો કિલયર થઈ રહ્યા છે. મોટાભાગના હિસાબો ગાડીમાં બેઠા બેઠા કરવામાં આવે છે જો કે ચોંકાવનારી વિગત તો એ છે કે હજુ સુધી ગાંધીનગર પોલીસના હાથમાં એકેય સટ્ટોડીયો આવ્યો નથી.

પાટનગરમાં આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટાબજાર ગરમાયું છે. પાટનગરના મુખ્ય બુકીઓએ અવાવરુ જગ્યાઓ પકડી લીધી છે અને મોબાઈલ નંબરો બદલીને પોતાના લોકેશન લીક ન થાય તે રીતે પોતાના અડ્ડે બેસીને સટ્ટો ઓપરેટ કરી રહ્યા છે. ગાંધીનગર શહેરના મુખ્ય પાંચ બુકીઓ કરોડોનો સટ્ટો રમાડી રહ્યા છે. તે ઉપરાંત ૪૦થી વધુ પંટરો પણ આઈપીએલ સટ્ટામાં જબરદસ્ત એકટીવ છે. આ સમયગાળામાં પતાવી દેવામાં આવે છે. કેટલાક બુકીઓ તેમના માણસો મારફતે ગાડીમાં જ વ્યવહાર પતાવી હવે સ્હેજ પણ રહી નથી. રોજે રોજની કરોડોની હાર-જીતની લેવડ દેવડ સવારે ૧૧ થી ૧ના દેવડાવે છે જયારે કેટલાક બુકીઓ ચોકકસ લોકેશન પર લેવડ દેવડ કરે છે. જો કે પોલીસ હજુ સુધી બુકીઓ-

બુકીઓ હાઈટેક : સેશનના ભાવ જાણવા હવે એપનો ઉપયોગ...!

પહેલા બુકીઓ મોબાઈલ પર ક્રિકેટ મેચના સેશનના ભાવ લગાવતા હતા અને તેના પર બુકીંગ લેતા-આપતા હતાં. આ વાતચીત રેકર્ડ થતી અને પોલીસ રેડ પડે ત્યારે મોબાઈલ જપ્ત થાય તો તે જ રેકોર્ડીંગ પુરાવા રૂપે પોલીસને ઉપયોગ થતા હતાં. હવે બુકીઓ હાઈટેક થઈ ગયા છે એક એપ્લીકેશનનો ઉપયોગ બુકીઓએ શરુ કર્યો છે. જેમાં ક્રિકેટ મેચની યાદી-સમય ઉપરાંત સેશનનાં ભાવ પણ લખેલા આવે છે.સટ્ટોડીયાઓ આ એપ ડાઉનલોડ કરી સીધા સેશનના ભાવ જાણી શકે છે. આ એપમાં કઈ મેચ અગાઉ રમાઈ ગઈ, હવે કઈ કઈ મેચ આવશે, લાઈવ મેચ સ્કોર, અને લાઈવ લાઈન એટલે કે શું ભાવ ચાલે છે આ તમામ ઓપ્શન ઈન્ડીકેટ થાય છે.

અવસાન નોંધ

એચ.આઈ. ભટ્ટ (એલ.આઈ.સી.)ના મોટા માતૃશ્રી વિજયાબેન ત્રંબકલાલ ભટ્ટનું બેસણું તા. ૮-૪-૧૭ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન બ્રહ્મભવન, સેકટર-૧૬ ખાતે રાખેલ છે.

ચિરવિદાય

● સ્વ. કુંવરજી સોમાજી ઠાકોર, ઉ.વ. ૪૬

● સ્વ. કનુજી શકરાજી ઠાકોર, ઉ.વ. ૩૨